# નવરાત્રિના બેઠા ગરબાની આગવી પરંપરા

## નવાબની બીકથી શરૂ થયેલા બેઠા ગરબા : ગાંધીનગરમાં શ્રી વડનગરા નાગર મંડળ દ્વારા બેઠા ગરબા સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે

ગાંધીનગર, તા. ૨૪

તારીખ ૨૬ સપ્ટેમ્બરથી દેવી આરાધનાનું પર્વ શરૂ થઈ રહ્યું છે. ગાંધીનગર સહિત ગુજરાત રાજ્યમાં નવરાત્રિ પર્વનું ઘણું મહત્વ છે. ત્યારે નવરાત્રિ પર્વમાં ગરબે ઘુમવાનું અને રાસે રમવાનું મહત્વ તો છે જ પણ જૂનાગઢમાં ઓળખવામાં આવે છે. બેઠા ગરબાની આ પરંપરા અનેક વર્ષોથી ચાલી આવે છે.

ગાંધીનગરમાં પણ કોરોનાકાળથી બેઠા ગરબાનું આયોજન કરવામાં આવે છે. શહેરમાં શ્રી વડનગરા નાગર મંડળ, ગાંધીનગર દ્વારા આ વખતે બેઠા જેઓ વિજેતા પણ થયા હતા. ગયા રવિવારે ગાંધીનગરમાં ખીમજી વિશ્રામ હોલ ખાતે બેઠા ગરબાનું આયોજન થયુ હતુ.

બેઠા ગરબાની વિશેષતા

એક માન્યતા મુજબ બેઠાં ગરબાની શરૂઆત જૂનાગઢના નાગરવાડા વિસ્તારથી થઈ હોવાનું રચનામાં મુખ્યત્વે માતાજીના વિવિધ શણગાર, ભાવ અને જુદા જુદા સ્વરૂપનું વર્ણન થયેલું જોવા મળે છે. સામાન્ય રીતે બેઠાં ગરબાની બેઠકમાં કવિ કલાપી, સુમંત અને વલ્લભ ભટ્ટ રચિત પ્રાચીન ગરબાઓ સાંભળવા મળે છે જે મુખ્યત્વે શાસ્ત્રીય રાગ આજુબાજુના ઘરના કેટલાક સભ્યોને ભેગા કરીને જેમ શેરીઓમાં ગરબાનું આયોજન થાય તેમ એક ઘરમાં બેઠાં ગરબાનું આયોજન કર્યુ. બહુ જાજો અવાજ ન થાય તે રીતે ધીમે હાથે તાળીઓ પાડીને બેઠાં ગરબા ગવાયાં એમ કરતાં કરતાં બેઠાં ગરબા એ એક હતા. જેમાંથી ચાર પુરૂષોએ નક્કી કર્યુ કે હવેથી બેઠા ગરબામાં માત્ર પુરૂષો જ ભાગ લેશે જે પ્રથા હજી પણ ચાલુ રહી છે. જો કે હવે તો મહિલાઓ પણ ભાગ લે છે. નવાબના જુલમ વચ્ચે પણ જૂનાગઢમાં માતાજીની નવરાત્રિ ઉજવાતી રહી એ દેખાડવા આજે પણ બેઠા ગરબા થાય છે.






















ભાવિકો દ્વારા ગરબે ઘૂમવાને બદલે જગદંબાની આરાધના અનોખી રીતે કરવામાં આવે છે. ભાવિકો આપણા પરંપરાગત વાજિંત્રોના સથવારે ભારતીય બેઠકમાં બેસીને પ્રાચીન ગરબા ગાઈને આદ્યશક્તિની આરાધના કરે છે. જેને બેઠા ગરબા તરીકે ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. વર્ષ ૨૦૧૭-૧૮માં પણ ગાંધીનગરમાં બેઠા ગરબાનું આયોજન થયુ હતું. વડોદરામાં ઘંટારવ સંસ્થાએ બેઠા ગરબાની સ્પર્ધાનું આયોજન કર્યુ હતુ જેમાં ગાંધીનગરના શ્રી વડનગરા નાગર મંડળ ગ્રુપે પણ ભાગ લીધો હતો. કહેવાય છે. બેઠાં ગરબાની પરંપરા અંદાજે સાત દાયકાથી ચાલી આવે છે.

બેઠા ગરબામાં ભાવિકો તબલા, ઢોલક, ઢોલ, હાર્મોનિયમ, મંજીરા કે વાદ્યના સથવારે માતાજીના ગુણગાન કરવા પ્રાચીન ગરબાઓ ગાય છે. બેઠા ગરબાની આધારિત હોય છે. એક મત પ્રમાણે બેઠાં ગરબાની શરૂઆત વર્ષ ૧૯૪૬થી થઈ હતી. પાકિસ્તાન સાથે જોડાવવા માંગતા નવાબે નવરાત્રિના સમયે જૂનાગઢના લોકોને નવરાત્રિ રમવા કે ઉજવવા પ્રતિબંધ મૂક્યો હતો. જે વેળાએ કેટલાક માઈભક્તોએ ઉજળી પરંપરા બની ગઈ છે. નવાબનો હૂકમ ન માનવાની સજા ભોગવવી ન પડે એ માટે એ સમયે ધીમા અને અવાજ ન થાય એ રીતે ગરબા રમવામાં આવતા. એ સમયે તાલી પણ સાવ ધીમી પાડતા. એમ છતાં ચારથી પાંચ જૂથ નવાબના સૈનિકોના હાથમાં પકડાઈ ગયાં

# ગાંધીનગરની અવની મોદી અભિનિત 'મોદીજી કી બેટી' ફિલ્મે ચર્ચા જગાવી

ગાંધીનગર, તા.૨૪

આજકાલ એક નવી ફિલ્મની સોશીયલ મીડિયા પર ખૂબ ચર્ચા થઈ રહી છે. જેનું નામ 'મોદીજી કી બેટી' છે. આ ફિલ્મ લાંબા સમય સુધી હેડલાઈન્સમાં રહી હતી. મંગળવારે ફિલ્મ 'મોદીજી કી બેટી'નું ટ્રેલર રિલીઝ થયું હતું જે સતત વાયરલ થઈ રહ્યું છે. 'મોદીજી કી બેટી' એક કોમેડી ડ્રામા ફિલ્મ છે, જેમાં વિક્રમ કોચર, તરુણ ખન્ના, પિતોબાશ ત્રિપાઠી સાથે ગાંધીનગરની યુવતી અવની મોદી જેવા કલાકારો છે.



ફિલ્મ 'મોદીજી કી બેટી'નું ટ્રેલર જોઈને કહી શકાય કે આ ફિલ્મ દર્શકોને પેટ પકડીને હસાવશે. ફિલ્મની કહાની એક એવી છોકરીની છે જે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પુત્રી હોવાનો દાવો કરે છે. પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીરમાં ટ્રેનિંગ લઈ રહેલા બે આતંકીઓને આ વાતની જાણ થાય છે, બંને મૂર્ખ આતંકીઓ પીએમ મોદીની દીકરી સમજીને તે છોકરીનું અપહરણ કરીને પાકિસ્તાન લઈ આવે છે. જે બાદ મોદીજીની પુત્રી તેની હાલત ખરાબ કરી દે છે. ટ્રેલર જોઈને કહી શકાય કે ફિલ્મના ડાયલોગ્સ પણ દર્શકોને ખૂબ હસાવવાના છે. તમને જણાવી દઈએ કે, અવની મોદી ફિલ્મ 'મોદીજી કી બેટી'માં પીએમ મોદીની દીકરીનો રોલ કરી રહી છે. આ ફિલ્મ આવતા મહિને એટલે કે તા.૧૪મી ઓક્ટોબરે થિયેટરોમાં આવશે. આ સાથે જ ફિલ્મ 'મોદીજી કી બેટી'નું ટ્રેલર રિલીઝ થતા જ સોશિયલ મીડિયા પર સતત વાયરલ થઈ રહ્યું છે.

આ ફિલ્મની રાહ જોઈ રહેલા તમામ સોશિયલ મીડિયા યુઝર્સ અને ફેન્સ ટ્રેલરને ખૂબ જ પસંદ કરી રહ્યા છે.

લોકો કોમેન્ટ કરીને ફિલ્મના વખાણ પણ કરી રહ્યા છે. ફિલ્મનું ટ્રેલર સોશિયલ મીડિયા પર ટ્રેન્ડ થઈ રહ્યું છે. ફિલ્મના ટ્રેલરને યૂટ્યૂબ પર ૪૬ લાખથી વધુ વ્યૂઝ મળી ચૂક્યા છે. ટ્રેલર રિલીઝ થતાં જ હેશટેગ "મોદીજીકીબેટીટ્રેલર" ટ્વીટર પર ટ્રેન્ડ કરવા લાગ્યું હતું. યુઝર્સે ઘણા મીમ્સ બનાવ્યા અને મજાક પણ કરી છે. આ ફિલ્મ દ્વારા પાકિસ્તાનની જોરદાર મજાક ઉડાવવામાં આવી છે. આતંકીઓને ખૂબ જ મૂર્ખ બતાવવામાં આવ્યા છે.

# ડબલ એન્જિનથી નહીં ડબલ રીમોટ કંટ્રોલથી ચાલતી ભ્રષ્ટ ભાજપ સરકાર : યુવરાજ

## નવા પીંપળજ ખાતે ભારતમાલા પ્રોજેક્ટના અસરગ્રસ્ત ખેડૂત હિતરક્ષક સમિતિના "યુવા અને ખેડૂત સંવાદ" કાર્યક્રમમાં આપ નેતા યુવરાજસિંહ જાડેજાના કેન્દ્ર સરકાર પર પ્રહારો : અનેક ખેડૂતો માલિકમાંથી મજદૂર બની જશે, અમે આ લડાઇમાં ખેડૂતો સાથે છીએ : યુવરાજ

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરના નવા પીંપળજ ખાતે શુક્રવારે રાત્રે ભારતમાલા પ્રોજેક્ટના અસરગ્રસ્ત ખેડૂત હિતરક્ષક સમિતિ દ્વારા "યુવા અને ખેડૂત સંવાદ" કાર્યક્રમ યોજાયો હતો જેમાં ભારતમાલા પ્રોજેક્ટના અસરગ્રસ્ત ખેડૂતોએ છેક સુધી લડાઈ લડી લેવાનો જુસ્સો દર્શાવ્યો હતો. આ પ્રસંગે ઉપસ્થિત આમ આદમી પાર્ટીના યુવા નેતા યુવરાજસિંહ જાડેજાએ કેન્દ્ર સરકાર પર આકરાં પ્રહારો કરતા જણાવ્યું હતું કે "આ ડબલ એન્જિનથી ચાલતી સરકાર નથી, ડબલ રીમોટ કંટ્રોલથી ચાલતી ભ્રષ્ટ ભાજપ સરકાર છે. ગુજરાતનો દરેક યુવાન આજે ખેડૂતો સાથે ખભેથી ખભો મિલાવીને ઉભો છે. જ્યાં પણ જે પણ માધ્યમથી લડવાનું થાય, અમારી તૈયારી છે કેમકે અમે ખેડૂતો



સાથે છીએ." આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં અસરગ્રસ્ત ખેડૂતો ઉપસ્થિત રહ્યાં હતાં. આપના યુવાનેતા યુવરાજસિંહ જાડેજાએ સવાલ ખડો કર્યો હતો કે "વિકાસ જરૂરી છે પરંતુ ખેડૂત અને ફળદ્રુપ ખેતરોના ભોગે વિકાસ કેટલો યોગ્ય છે? અમુક નાના ખેડૂતો તો સાવ જમીન વિહોણા થઈ જશે અને ઘણા ખેડૂતો એવા છે જે માલિકમાંથી મજદૂર બની જશે, નિરાધાર અને નિરાશ્રિત પરિસ્થિતિમાં આવી જશે કેમકે તેમની રોજગારીનું સાધન છીનવાઈ જશે. ખબર નથી પડતી કે આ સરકાર છે કે તાનાશાહ? સીધા પોતાના નિયમો થોપી બેસાડે છે, ના કોઈ ગામને કે જેની જમીનો છે એ ખેડૂતોને વિશ્વાસમાં લે. બસ એસી ચેમ્બરમાં બેઠા બેઠા સેટેલાઈટથી સર્વે માપણી કરી પ્રોજેક્ટ બનાવી નાખે છે પરંતુ પહેલાં તે જમીનની ફળદ્રુપતા તો ચેક કરો, ગ્રાઉન્ડ રિયાલિટી ન જોવે તે કેવું? ખેડૂત આંદોલન અને હડતાળ માધ્યમથી આગળ વધી રહ્યાં છે અને ચોખ્ખું કહી રહ્યાં છે કે ધરતી અમારી મા છે, અમે જીવ દઈ દઈશું પરંતુ જમીન નહીં દઈએ. ખેડૂતો માટે આ વારસો બચાવવાની લડાઈ છે, પોતાનું અસ્તિત્વ ટકાવવા માટેની લડાઈ છે. બાળકોના ભવિષ્ય માટેની લડાઈ છે. આ લડાઈમાં અમે ખેડૂતો સાથે ખભેથી ખભો મિલાવીને ઊભા છીએ. ભ્રષ્ટ ભાજપ સરકાર ગરીબો કે ખેડૂતો માટે નહીં એમના બે અમીર પુંજીપતિ મિત્રો માટે કામ કરતી સરકાર છે. બસ હંમેશા "મન કી બાત" કર્યા કરશે પરંતુ જનતા વચ્ચે જઈને "જન કી બાત" કરવાની તાકાત નથી. ગાયો અને ખેડૂતના નામે વોટ લેતી સરકાર વર્તમાનમાં ચૂપ કેમ છે?"

# ઈનોવેશન ક્લબના વિદ્યાર્થીઓ માટે રાજ્ય કક્ષાની કોડિંગ સ્પર્ધા યોજાઈ

## રાજ્યભરના ૩૩ જિલ્લાની કોલેજોના કુલ ૨૪૪ વિજેતાઓએ ૧૨૨ ટીમો બનાવી સ્પર્ધા કરી

ગાંધીનગર, તા.૨૪

ગુજરાત સાયન્સ સિટીમાં વિજ્ઞાન ભવન ખાતે લેપટોપ અને વાઈ-ફાઈ કનેક્શન સાથે ૩૦૦ યુવા કોડર્સને સમાવવા માટે એક એડવાન્સ કોમ્પ્યુટર લેબ પ્લેટફોર્મ બનાવવામાં આવ્યું હતું. આ ઉપરાંત યુવા કોડરોએ દિવસભર વિવિધ ઈન્ટરેક્ટિવ સત્રો જેવા કે ક્વિઝ તેમજ નેચર પાર્કની મુલાકાત લીધી હતી. બુટકેમ્પમાં તાલીમ આપવામાં આવેલ જિલ્લા કક્ષાના વિજેતાઓ માટે રાજ્ય કક્ષાની સ્પર્ધા માટે કાર્યક્રમ આયોજિત કરાયો હતો. આ અંતર્ગત ઈનોવેશન ક્લબના વિદ્યાર્થીઓ માટે રાજ્ય કક્ષાની કોડિંગ સ્પર્ધા પર બે દિવસીય રેસિડેન્શિયલ પ્રોગ્રામનું આયોજન તા.૨૨ અને ૨૩ સપ્ટેમ્બર દરમિયાન સાયન્સ સિટી ખાતે ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી અને રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના ઉચ્ચ શિક્ષણ કમિશનરેટ દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં રાજ્યભરની કોલેજોમાંથી કુલ ૨૪૪ જિલ્લા કક્ષાના વિજેતા વિદ્યાર્થીઓએ હાજરી આપી હતી. વિદ્યાર્થીઓને ૧૨૨ ટીમોમાં વહેંચવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓએ ગુજરાતના તમામ ૩૩ જિલ્લાનું પ્રતિનિધિત્વ કર્યું હતું. કાર્યક્રમમાં ઉચ્ચ શિક્ષણ કમિશનર એમ. નાગરાજને કહ્યું કે આ રાજ્ય કક્ષાની સ્પર્ધા વિદ્યાર્થીઓમાં "નવા જોશ સાથે નવી આશા" વધારશે. તે આસપાસની તમામ સમસ્યાઓના ઉકેલ માટેના દરવાજા ખોલશે. કાર્યક્રમના પ્રારંભે ડૉ. નરોત્તમ સાહૂએ ઈનોવેશન ક્લબના વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરતાં સમગ્ર કોડિંગ પ્રોગ્રામ વિશે માહિતી આપી હતી. આ ઉપરાંત ડો. શૈલેષ ભાવસાર, ડો. માલા શર્મા અને ડૉ. પૂનમ ભાર્ગવ હાજર રહ્યા હતા. વિદ્યાર્થીઓએ અમૃત નવસારિયન પ્લેટફોર્મ પર તેમનું એનિમેશન બનાવ્યું અને જ્યુરી દ્વારા તેમને સ્પર્ધાના આગળના રાઉન્ડ માટે મદદરૂપ થશે. કાર્યક્રમ ચાર કેટેગરીમાં ડિઝાઈન કરવામાં આવ્યો હતો જેમાં રમતનું સર્જન, વાર્તાનું સર્જન અને એનિમેશન, ક્વિઝનો વિકાસ જેમાં વિદ્યાર્થીઓએ અમૃત નવસર્જન પ્લેટફોર્મનો ઉપયોગ કરીને એનિમેશન બનાવ્યું હતું. સ્પર્ધાના આગલા રાઉન્ડ માટે ટોચના ૮૦ સહભાગીઓ સહિત ૪૫ ટીમો પસંદ કરવામાં આવી હતી.




શહેરમાં સે.૨૮ ખાતેની સરકારી ઈજનેરી કોલેજના એન.એસ.એસ વિભાગ દ્વારા ગાંધીનગરની પ્રાંત કચેરીના સહયોગથી ખાતે ઈલેક્ટ્રોનિક વોટીંગ મશીનની જાગૃતિ અંગેનો પ્રોગ્રામ યોજાયો હતો જેમાં કોલેજમાં પ્રથમ અને બીજા વર્ષમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓએ ઉમળાકાભેર ભાગ લઈને પ્રથમ વખત મતદાનનો અનુભવ કર્યો હતો.




એસએસવી સ્કૂલ, સેક્ટર-૩ ખાતે ટ્રાફિક જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ મોટી સંખ્યામાં આ કાર્યક્રમમાં ભાગ લઈ ટ્રાફિકના નિયમોની જાણકારી મેળવી હતી.

# નવરાત્રિ પર્વમાં જવારા વાવવાનું અનેરું મહત્વ

## નવરાત્રિમાં જવ વાવવા પાછળની માન્યતા એવી છે કે પૃથ્વીની ઉત્પત્તિ પછી સૌથી પહેલો પાક જવનો હતો.

ગાંધીનગર, તા. ૨૪

નવરાત્રીનો તહેવાર ૨૬ સપ્ટેમ્બર ૨૦૨૨થી શરૂ થઈ રહ્યો છે. હિન્દુ ધર્મમાં નવરાત્રીના તહેવારો ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવે છે. આ દરમિયાન મા દુર્ગાના નવ સ્વરૂપોની પૂજા કરવામાં આવે છે. ભક્તો તેમના ઘરોમાં અને મોટા પંડાલોમાં દેવી દુર્ગાની મૂર્તિઓની સ્થાપના કરે છે.

આ સાથે જ નવરાત્રિ દરમિયાન લોકો જવેર વાવે છે. તેમના વિના માતાની પૂજા અધૂરી માનવામાં આવે છે.

નવરાત્રિના પહેલા દિવસથી જવનું વાવેતર કરવામાં આવે છે. નવરાત્રિમાં જવ વાવવા પાછળની માન્યતા એવી છે કે પૃથ્વીની ઉત્પત્તિ પછી સૌથી પહેલો પાક જવનો હતો. નવરાત્રિની પૂજાના ૯ દિવસ પછી તેને નદી અથવા તળાવમાં વિસર્જીત કરવામાં આવે છે.

### નવરાત્રિમાં જવ વાવવાનું મહત્વઃ

માન્યતા અનુસાર પ્રકૃતિની શરૂઆતમાં જે પ્રથમ પાક વાવેલો તે જવ હતો તેથી તેને પૂર્ણ પાક પણ કહેવામાં આવે છે. નવરાત્રિના દિવસોમાં માત્ર જવ વાવવાથી જ બધું નથી થતું પરંતુ તેની વધવાની ઝડપ પણ ઘણું બધું કહી જાય છે. આ ૯ દિવસોમાં જવ કેટલી ઝડપથી વધે છે તે ખૂબ મહત્વનું છે. નવરાત્રિમાં જવના વાવેતરનું ખૂબ જ મહત્વ છે. તેની પાછળ કેટલાક શુભ અને અશુભ સંકેતો પણ છુપાયેલા હોય છે.



### શુભ સંકેતઃ

જો નવરાત્રિમાં વાવણી કર્યા પછી જવ ઉગવા લાગે અને જલ્દી ઘટ થઈ જાય તો તે તમારા માટે ખૂબ જ શુભ સંકેત છે. એવું માનવામાં આવે છે કે આ સૂચવે છે કે તમારા ઘરના કામકાજમાં આવતી તમામ પ્રકારની અડચણો જલ્દી દૂર થઈ જશે અને ઘરના સભ્યોનું સ્વાસ્થ્ય પણ સારું રહેશે. જવ ઝડપથી વધવાનો અર્થ છે કે ઘરમાં સુખ-સમૃદ્ધિ આવવા લાગી છે. જો તમારા ઘરના જવ સફેદ અને લીલા રંગમાં ઝડપથી વધી રહ્યા હોય તો તેને શુભ સંકેત માનવામાં આવે છે. મતલબ કે માતાએ તમારી પૂજા સ્વીકારી છે.